# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/101 Dt. 18/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટના આગમન પૂર્વે દિલ્હી સ્થિત ઝીમ્બાબ્વે એમ્બેસીથી મિનિસ્ટર તેમજ ટ્રેડ પ્રમોશન ઓફિસર સહિત હાઇ લેવલ સિકયુરિટી એન્ડ પ્રોટોકોલ ટીમ સુરત આવી, ઐતિહાસિક મુલાકાતને લઇ ચેમ્બરમાં તૈયારીઓનો ધમધમાટ શરૂ

### ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટ ઓફિસના ચીફ ડિરેકટર સહિતની ટીમે બે દિવસ દરમ્યાનની વિવિધ મિટીંગો તથા કાર્યક્રમોની પૂર્વ તૈયારી અને સુરક્ષા સંબંધિત બાબતો અંગે વિગતવાર ચર્ચા કરી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના આમંત્રણને પગલે ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટ Honourable General (Retd.) Dr. C.G.D.N. Chiwenga 'GCZM' તથા કેબિનેટ મિનિસ્ટર્સ અને ટોપ સેક્રેટરીએટ્સ સાથેનું પ્રતિનિધિ મંડળ આગામી તા. ૨૨ અને ૨૩ ઓગષ્ટ, ૨૦૨૫ના રોજ સુરતની મુલાકાતે આવવાનું છે ત્યારે આ ઐતિહાસિક મુલાકાતને લઈ ચેમ્બર ઓફ કોમર્સમાં તૈયારીઓનો ધમધમાટ શરૂ થઇ ગયો છે.

ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટની મહત્વપૂર્ણ મુલાકાતને ધ્યાનમાં રાખીને નવી દિલ્હી સ્થિત ઝીમ્બાબ્વે એમ્બેસીમાંથી મિનિસ્ટર તેમજ ટ્રેડ પ્રમોશન ઓફિસર ઉપરાંત ઝિમ્બાબ્વેના ઉપ રાષ્ટ્રપતિની ઓફિસથી ચીફ ડિરેકટર, ડિરેકટર – બાયલિટરલ ટ્રેડ એન્ડ ડાયસ્પોરા, ડેપ્યુટી ડિરેકટરો, સિકયુરિટી ઓફિસરો તથા હાઇ લેવલ કક્ષાના પ્રોટોકોલ ઓફિસરોની ટીમ સુરત આવી પહોંચી હતી. આ ટીમે સોમવાર, તા. ૧૮ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સવારે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી ખાતે મિટીંગ કરી હતી, જેમાં આ ટીમે ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટની બે દિવસ દરમ્યાન વિવિધ મિટીંગો તથા કાર્યક્રમોની પૂર્વ તૈયારી અને સુરક્ષા સંબંધિત બાબતો અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરી હતી.

સુરક્ષા ટીમે વાઇસ પ્રેસિડેન્ટ તથા ઝીમ્બાબ્વે ડેલીગેશન દ્વારા સુરત દરમ્યાન યોજાનારી વિવિધ વિઝીટસ જેવી કે એપીએમસી, ટેક્ષ્ટાઇલ યુનિટસ, સુમુલ ડેરી, એજ્યુકેશન ઈન્સ્ટિટયુટ્સ, ડાયમંડ અને સોલાર ઇન્ડસ્ટ્રી તેમજ તા. ર૩ ઓગષ્ટે સાંજે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે આયોજિત ‘ચલો ઝિમ્બાબ્વે’ કાર્યક્રમના સ્થળોનું પણ રીવ્યુ કર્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટ સહિતનું પ્રતિનિધિ મંડળ સુરતના ઉદ્યોગકારો અને આગેવાનો સાથે બે દિવસીય ઉચ્ચ સ્તરીય બેઠકો કરશે. આજે આવેલી સુરક્ષા અને હાઇ લેવલ પ્રોટોકોલ ઓફિસરોની ટીમને સંપૂર્ણ કાર્યક્રમના આયોજન અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટની મુલાકાતને સફળ બનાવવા ચેમ્બર ઓફ કોમર્સ તરફથી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સ ખાતે આજે સવારે ઝીમ્બાબ્વેની જે ટીમ આવી હતી તેમાં નવી દિલ્હી સ્થિત ઝીમ્બાબ્વે એમ્બેસીમાંથી Mr. Edson Moyo (Minister of Plenipotentiary) અને Ms. Nomusa Mugwambi (Trade Promotion Officer) તથા ઝિમ્બાબ્વેના વાઇસ પ્રેસિડેન્ટ ઓફિસથી Ms. Irene M. Doroh (Chief Director), Mrs. S. Mateta (Director - Bilateral Trade and Diaspora (MOFAIT)), Mr. Bekithemba Bhebhe (Deputy Director), Ms. Tsungai Gozo (Deputy Director), Mr. William Mushore (DIO), Mr. Charles Chilapula (Protocol Officer (MOFAIT)), Ms. Siphathelokuhle Dube (Executive Assistant), Mr. Actwell Mashavave (Protocol Officer (OPC)), Mr. Mukudzei Chingwere (Journalist (Herald)), Ms. Abigirl Tembo (Journalist (ZBC)), Mr. Amos Dembetembe (Cameraman (ZBC)) તેમજ સિકયુરિટી ઓફિસરો Mr. Alex Mutanga, Mr. Patrick Matanhire, Mr. Aleck Chagwambare, Mr. Knowledge Chiturumani, Mr. David Kusotera, Mr. Julius Gumindoga, Mr. Kudakwashe James Mangombe, Mr. Noel Jack, Ms. Tatenda Dondo, Mr. Cyril Farai Gwatidzo, Mr. Artfree Maseko, Mr. Wellington Matamba, Mr. Bezel Maphosa અને Mr. Maxwell Chiraramiro, Mr. Simon Muza નો સમાવેશ થાય છે.